**આંક–૭**

**મહે. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં. ૪૮૮/૨૦૨૧**

**ફરિયાદી :– સરકારી શ્રમ અધિકારી અને લઘુતમ વેતન ઈન્સ્પેકટર, અમદાવાદ.**

**: વિરૂધ્ધ :**

**આરોપી :– (૧) રામેશ્વર ટ્રાન્સપોર્ટ કંપની પ્રા.લી.,**
૭, મીનાક્ષી પાર્ક સોસાયટી, નિરાલા હાઉસ,
સીટીએમ, અમરાઈવાડી, અમદાવાદ.

**(૨) શ્રી વિનોદભાઈ રામેશ્વરભાઈ જોગી,(ડીરેકટરશ્રી)**
૮/૦, રામેશ્વર ટ્રાન્સપોર્ટ કંપની પ્રા.લી.,
૭, મીનાક્ષી પાર્ક સોસાયટી, નિરાલા હાઉસ,
સીટીએમ, અમરાઈવાડી, અમદાવાદ.

**ગુન્હો :– લઘુતમ વેતન અધિનિયમની કલમ ૨૨ મુજબ.**

ફરિયાદી તરફે : –
આરોપી તરફે : વિ.વકીલશ્રી એ.જી.પાંડે.

**–: ચૂ કા દો :–**

**(૧)** આ કામના ફરીયાદી સરકારી શ્રમ અધિકારી, અમદાવાદ નાઓએ હાલની ફરીયાદ રજુ કરેલ, જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે. ઉપરોકત કેસની ફરીયાદ ફરીયાદી ધ્વારા અત્રેની કોર્ટ સમક્ષ ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦ (૧) (એ) મુજબ રજૂ કરતા અત્રેની કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો. સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો, આરોપીએ લઘુતમ વેતન ધારા અન્વયેના **ગુજરાત લઘુતમ વેતનના નિયમો પૈકી નિયમ – ૨૬(ડી), ૨૬(૨), ૨૬(બી)(૧), ૨૧(૪)** નો ભંગ કરેલ હોઈ, જે સંદર્ભે સદરહુ કાયદાની **કલમ ૨૨** હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ કરેલ છે.

**(૨)** ત્યારબાદ સદરહુ કેસમાં આરોપીને સમન્સ ઈસ્યુ કરતા તેઓ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. જેથી આરોપીને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિતનાઓને ઉપરોકત દંડની ભરવાની સજા કરવામાં આવે છે. ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ? તેવું પૂછવામાં આવેલ જેથી આરોપીએ પોતે ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ, ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ અન્વયે રજૂ કરેલ છે.

આરોપીએ ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં આરોપી પોતાનો ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

(૩) આરોપીએ હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આઆરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિતનાઓને ઉપરોકત દંડની ભરવાની સજા કરવામાં આવે છે. કામે આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ **લઘુતમ વેતન અધિનિયમ અન્વયેના ગુજરાત લઘુતમ વેતન નિયમો હેઠળના નિયમ– ૨૬(ડી), ૨૬(૨), ૨૬(બી)(૧), ૨૧(૪) નો** ભંગ કરીને તે કાયદાની **કલમ–૨૨** મુજબનો ગુન્હો કરેલ છે. વધુમાં સદરહુ કાયદામાં રાજય સરકાર ધ્વારા સજાની જોગવાઈમાં સુધારો કરેલ, જે સુધારો તા.૩૦/૧૨/૧૫ ના રોજથી અમલમાં આવેલ છે, ત્યારે તે હકીકત ધ્યાને લેવી જરૂરી બને છે. વધુમાં હવે જયારે આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતા તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯ ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા આ કામના આરોપીને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**-: હુકમ ::-**

(૧) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ મુજબ **લઘુતમ વેતન અધિનિયમ**આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિતનાઓને ઉપરોકત દંડની ભરવાની સજા કરવામાં આવે છે. **અન્વયેના ગુજરાત લઘુતમ વેતન નિયમો હેઠળના નિયમ– ૨૬(ડી), ૨૬(૨), ૨૬(બી)(૧), ૨૧(૪)** ભંગ બદલ તે કાયદાની **કલમ ૨૨** મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને તેઓને પ્રત્યેક ભંગ બદલ **રૂા.૨,૦૦૦**/– (અંકે રૂપિયા બે હજાર પુરા) તેમ કુલ મળીને **રૂા.૧૬,૦૦૦/– (અંકે રૂપિયા સોળ હજાર પુરા)** ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત **શ્રી પિંકલ રમેશભાઈ ક્રિશ્ચીયન**નાઓને ઉપરોકત દંડની ભરવાની સજા કરવામાં આવે છે.

**(૨)** આરોપી વતી હાજર રહેનાર વ્યકિત **શ્રી પિંકલ રમેશભાઈ ક્રિશ્ચીયન**નાઓ દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

**(૩)** આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૧/૦૧૨/૨૦૨૧ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૧/૧૨/૨૦૨૧
સ્થળ : અમદાવાદ.

**(નિલેશ અશોકભાઈ ઈજનેર)**
**CODE : GJ00484**
**એડિશનલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

R.C.GOHEL,P.A.